## પેજ 3

## અમિતાભ બચ્ચને પોતાના 84માં જન્મદિને 'જલસા' પર ઉમટેલી ચાહકોની ભીડનું અભિવાદન ઝીલ્યું



મુંબઈ, તા. 11 : અમિતાભ બચ્ચનના 84મા જન્મદિન નિમિત્તે રવિવારે તેમના નિવાસસ્થાન 'જલસા' ગીતો, નૃત્ય અને મોટા પોસ્ટર્સથી જીવંત થઈ ઊઠ્યું હતું. મેગાસ્ટાર અમિતાભ બચ્ચન તેમના 84મા જન્મદિવસે ચાહકોની વિશાળ ભીડનું અભિવાદન કરવા માટે રવિવારે તેમના નિવાસસ્થાન 'જલસા'માંથી બહાર આવ્યા હતા, અને દર વર્ષે તેમને જોવા માટે એકઠા થતા પ્રશંસકોને મળવાની તેમની પરંપરાને યથાવત રાખી હતી. જહુ સ્થિત તેમના ઘરના એક ઊંચા પ્લેટફોર્મ પરથી અભિનેતાએ ભીડને હાથ હલાવીને અભિવાદન કર્યું હતું, જ્યારે કેટલાક લોકો આ ક્ષણને તેમના મોબાઈલ ફોનમાં કેદ કરતા નજરે પડ્યા હતા.બચ્ચને ઘેરા મરૂન રંગનો કુર્તો પહેર્યો હતો અને તેમના ખભા પર જટિલ નકશીકામવાળી બ્રાઉન બેઝની કશ્મીરી કાની પશ્મિના શાલ ઓઢી હતી. અભિનેતાના મુંબઈ સ્થિત નિવાસસ્થાન બહાર મોટી સંખ્યામાં ચાહકો ઉજવણી કરવા માટે એકત્રિત થયા હતા, જેમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોઝમાં પ્રશંસકો તેમના હિટ ગીતો ગાતા, તેમના આઇકોનિક લુક્સને પુન:સર્જિત કરતા અને સ્ટારને પ્રોત્સાહિત કરતા નજરે પડ્યા હતા.

## 'રામાયણ' ભાગ-1 વિશ્વભરમાં 5 નવેમ્બરે રિલીઝ થશે, દશેરાથી એડવાન્સ બુકિંગ શરૂ



મુંબઈ, તા. 11 (PTI): રવિવારે 'રામાયણ'ના નિર્માતાઓએ જાહેરાત કરી હતી કે, આ બે ભાગની મહાકાવ્ય ફિલ્મનો પહેલો ભાગ 5 નવેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થશે અને રણબીર કપૂર, સાઈ પલ્લવી, રવિ દુબે તથા યશ સાથેનું એક નવું સમૂહ પોસ્ટર લોન્ચ કર્યું હતું. નવરાત્રિના પહેલા દિવસે કરવામાં આવેલી આ જાહેરાતમાં 'યે રામ કે યુગ કા આરંભ હૈ'નો સંદેશ આપવામાં આવ્યો હતો. નિર્માતાઓએ એમ પણ જણાવ્યું હતું કે, ફિલ્મ માટે એડવાન્સ બુકિંગ દશેરાના રોજ ખુલશે. પોસ્ટરમાં આગળના ભાગમાં ભગવાન રામના રૂપમાં કપૂર, સીતાના રૂપમાં પલ્લવી અને લક્ષ્મણના રૂપમાં દુબે નજરે પડે છે, જ્યારે તેમની ઉપર પ્રભાવશાળી દેખાતા રાવણના રૂપમાં યશ દેખાય છે. ફિલ્મમાં સન્ની દેઓલ હનુમાનનું પાત્ર ભજવશે.

## નુસરત ભરૂચાએ કરોડરજ્જૂની સર્જરી પછી સૂર્યાસ્તની તસવીર શેર કરી



મુંબઈ, તા. 11 : બોલિવૂડ અભિનેત્રી નુસરત ભરૂચાએ બાલિની સફર દરમિયાન કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયા પછી તેની પ્રથમ સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરી છે. તેની પોસ્ટમાં અભિનેત્રીએ કહ્યું કે તે આશા રાખી રહી છે. અભિનેત્રીએ શનિવારે ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર એક બારી પાસે ખાલી રીક્લાઇનિંગ વ્હીલચેર, દૂર સૂર્યાસ્ત અને જીવન કેટલી ઝડપથી બદલાઈ શકે છે તે અંગેના સંદેશની તસવીર સાથે એક પોસ્ટ શેર કરી છે. નુસરતે લખ્યું. "હું હંમેશાં સૂર્યાસ્ત પાછળ દોડતી રહી છું અને બરાબર તેમ જ મારું દૃશ્ય બદલાઈ ગયું છે, પણ પિક્ચર અભી બાકી હૈ મેરે દોસ્ત."

## રાજપાલ યાદવે મિત્રની પત્ની માટે આર્થિક સહાય માંગી



મુંબઈ, તા. 11 : અભિનેતા રાજપાલ યાદવે લોકોને આગળ આવવા અને તેના અભિનેતા-મિત્ર ગૌરી શંકરની પત્ની, જેઓ ક્રોનિક કિડની ડિસીઝ સામે લડી રહ્યા છે, તેમને મદદ કરવા અપીલ કરી છે. 'ફિર હેરા ફેરી' ફિલ્મના અભિનેતાએ તેના ચાહકો અને દર્શકોને તેમની તબીબી સારવાર માટે ફાળો આપવા વિનંતી કરતો એક વીડિયો રેકોર્ડ કર્યો છે. વીડિયોમાં રાજપાલ યાદવે જણાવ્યું કે, ગૌરી શંકર લાંબા સમયથી તેમના મિત્ર રહ્યા છે, ટેલિવિઝનમાં યોગદાન આપ્યું છે અને હવે તેમને આપણા ટેકાની જરૂર છે.

## કલાકારોના અયોગ્ય ફોટા ખેંચવા બદલ પાપરાઝી સામે કડક કાર્યવાહીની સલમાન ખાનની ચેતવણી



મુંબઈ, તા. 11 : સલમાન ખાને પાપરાઝીને ચેતવણી આપી છે કે, જો તેઓ અભિનેત્રીઓની સંમતિ વગર પાછળથી તેમના ફોટા પાડવાનું ચાલુ રાખશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. અભિનેતાએ અગાઉ પણ 'બિગ બોસ-20'માં આ મુદ્દો ઉઠાવ્યો હતો, તેણે જણાવ્યું કે તેમની ચેતવણી છતાં આ પ્રથા ચાલુ રહી છે. અભિનેતાએ એ તરફ ધ્યાન દોર્યું કે, કેટલાક સેલિબ્રિટી કથિત રીતે ફોટોગ્રાફરોને ફોન કરે છે અને આવા ફોટા પડાવવા માટે તેમને પૈસા આપે છે, જ્યારે અન્ય સેલિબ્રિટીઓ આ પ્રકારની પ્રવૃત્તિથી અસહજ અનુભવે છે. આ ચર્ચા ત્યારે ફરી સામે આવી જ્યારે નેહા ધૂપિયા રિયાલિટી શોમાં મહેમાન તરીકે આવી અને આ પ્રથા વિરુદ્ધ બોલવા બદલ સલમાનનો આભાર માન્યો.

# નેપાળમાં ભયંકર હોનારતના એક મહિના પછી ફરી ઘોડાપૂર : જળવિદ્યુત પ્રોજેક્ટને નુકસાન



**રવિવારે** બૂઢી ગંડકી નદીમાં અચાનક પૂર ધસી આવ્યું, એક ડઝનથી વધુ મકાનો અને પૂલો તણાઇ ગયા

**નવ** વિદેશી નાગરિકો સહિત 82 લોકોનું હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યૂ કરાયું, બે મહિલા સહિત પાંચ હજુ પણ લાપતા

કાઠમંડુ, તા. 11 (PTI) : નેપાળના ગોરખા જિલ્લામાં બુઢી ગંડકી નદીમાં અચાનક આવેલા વિનાશક પૂરે ભારે તારાજી સર્જી છે. આ હોનારતમાં અનેક મકાનો, પુલ વહી ગયા છે તેમજ જળવિદ્યુત પ્રોજેક્ટ્સને ભારે નુકસાન પહોંચ્યું છે. સત્તાવાળાઓએ રવિવારે ચાર હેલિકોપ્ટરની મદદથી 9 વિદેશી નાગરિકો સહિત 82 લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા છે, જ્યારે બે મહિલાઓ સહિત પાંચ હજુ પણ લાપતા છે. 26 ઓગસ્ટે ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં આવેલા વિનાશક પૂરના આશરે દોઢ મહિના બાદ જ આ નવી આફત આવી પડી છે.

સવારે આશરે 4 વાગ્યે ભૂસ્ખલનના કારણે બનેલો કામચલાઉ બંધ તૂટતા આ પૂર આવ્યું હોવાની આશંકા છે. મનાસ્લુ ટ્રેકિંગ પર ગયેલા પ્રવાસીઓ પણ માર્ગો અને પુલ ધોવાઈ જતાં અટવાયા છે. રાષ્ટ્રીય આપદા જોખમ ઘટાડા અને વ્યવસ્થાપન પ્રાધિકરણના જણાવ્યા અનુસાર, પૂરે બે ઝૂલતા પુલ, મોટર ચલાવી શકાય તેવા બે પુલ, 3 જળવિદ્યુત પ્રોજેક્ટ અને 34 પશુઓના છાપરાં ક્ષતિગ્રસ્ત કર્યા છે. આ ઉપરાંત 45 ઘરો સંપૂર્ણપણે અને 27 ઘરો આંશિક રીતે નુકસાન પામ્યા છે તેમજ 3 વાહનો તણાઈ ગયા છે. રાહત અને બચાવ કામગીરી માટે 171 નેપાળી સેનાના જવાનો સહિત 700 થી વધુ સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં તંબુ, ધાબળા, ગાદલા, સ્લીપિંગ બેગ અને રસોઈના સાધનો પહોંચાડવામાં આવ્યા છે. પ્રાથમિક અહેવાલો મુજબ, ગોરખાના ચુમચેટ નજીક ભૂસ્ખલનને કારણે નદીમાં સર્જાયેલો અસ્થાયી અવરોધ તૂટી જવાથી આ પૂર આવ્યું હોવાની શક્યતા છે.

ગોરખા જિલ્લા વહીવટી તંત્રના સહાયક મુખ્ય જિલ્લા અધિકારી નેત્ર પ્રસાદ શર્માએ જણાવ્યું હતું કે, ગોરખા જિલ્લા વહીવટી કાર્યાલયે નદી કિનારાના લોકોને સતર્ક રહેવા અને સુરક્ષિત સ્થળોએ ખસી જવા અપીલ કરી છે. ચુમનુબ્રી ગ્રામ પંચાયત વોર્ડ નંબર-3ના અધ્યક્ષ રામ કુમાર ગુરુંગના જણાવ્યા અનુસાર, ગંડકી પ્રદેશમાં આવેલા આ પૂરે સલેરી, પૈયુકા અને જગતના નદી કિનારાના મકાનો તેમજ આ વોર્ડને જોડતો સસ્પેન્શન બ્રિજ વહાવી દીધો છે.

નેપાળની બુઢી ગંડકી નદીમાં આ પૂર 26 ઓગસ્ટ, 2026ના રોજ ભોતેકોશી અને ત્રિશુળી નદીમાં આવેલા વિનાશક પૂરના લગભગ દોઢ મહિના પછી આવ્યું છે. નેપાળ હજુ પણ ઓગસ્ટ મહિનામાં નેપાળ-ચીન સરહદે આવેલા પર્વતીય વિસ્તારના વિનાશક પૂરથી ઉગરી રહ્યું છે, જેમાં ૧,૪૦૦થી વધુ લોકોનાં મોત થયા હતા અને હજારો અન્ય લાપતા થયા હતા. બુઢી ગંડકી નદીમાં અચાનક આવેલા આ પ્રચંડ પ્રવાહનું કારણ હજુ અસ્પષ્ટ છે.

# થાણેમાં દેહવ્યાપાર રેકેટમાંથી ટીવી-અભિનેત્રીને બચાવાઈ; મહિલાની ધરપકડ

**પોલીસે** હિન્દી સિરિયલો અને વેબ સિરીઝમાં કામ કરતી એક અભિનેત્રીને બચાવીને રેસ્ક્યુ ફાઉન્ડેશનમાં મોકલાઇ

થાણે, તા. 11 (પીટીઆઈ): મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં મનોરંજન ઉદ્યોગની મહિલાઓને દેહવ્યાપારમાં ધકેલતા કથિત માનવ તસ્કરી અને દેહ વ્યાપાર રેકેટનો પર્દાફાશ કરીને પોલીસે 35 વર્ષીય ટીવી -અભિનેત્રીને મુક્ત કરાવી છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ સંબંધમાં એક મહિલાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે તેના પુરુષ સાથીદારની શોધખોળ ચાલુ છે. એક એનજીઓ તરફથી મળેલી બાતમીના આધારે પોલીસે 8 ઓક્ટોબરે મીરા-ભાયંદર રોડ પરની એક હોટલમાં એક નકલી ગ્રાહક મોકલ્યો હતો. બાદમાં ત્યાં દરોડો પાડીને તબસ્સુમ ઉર્ફે સોનિયા ઉમર કુરેશી (39) તરીકે ઓળખાતી એક મહિલાને રંગે હાથે ઝડપી લીધી હતી, જે મહિલાઓને દેહવ્યાપારમાં ધકેલવા બદલ નાણાં સ્વીકારતી હતી. એમ પોલીસ યાદીમાં જણાવવામાં આવ્યું છે. હિન્દી સિરિયલો અને વેબ સિરીઝમાં કામ કરતી એક અભિનેત્રીને મુક્ત કરાવવામાં આવી છે અને તેને મુંબઈની રેસ્ક્યુ ફાઉન્ડેશનમાં રક્ષણાત્મક કસ્ટડીમાં રાખવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, કુરેશી અને એક શખ્સ મનોરંજન ઉદ્યોગની, ખાસ કરીને ટીવી-સિરિયલો, વેબ સિરીઝ અને ફોટો શૂટમાં કામ કરતી મહિલાઓને કથિત રીતે દેહવ્યાપારમાં ધકેલતા હતા.

છત્તીસગઢના સુરગુજા જિલ્લાના વતની અને હાલ મુંબઈના જોગેશ્વરીમાં રહેતી કુરેશીની ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 143 (માનવ તસ્કરી) તેમજ અનૈતિક વેપાર (પ્રતિબંધ) અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# કેરળમાં જંગલી ડુક્કરનો હુમલો: મહિલાનું મોત, અન્ય ત્રણ ઘાયલ

મલ્લપુરમ (કેરળ), તા 11 (પીટીઆઈ): અહીં રવિવારે એક જંગલી ડુક્કરના હુમલામાં એક વૃદ્ધ મહિલાનું મોત નીપજ્યું હતું અને અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે મૃતકની ઓળખ એડવન્નાના ઈસ્ટ ચથાલૂર નિવાસી 60 વર્ષીય પી.કે. ફાતિમા તરીકે કરી છે. ઈજાગ્રસ્તોમાં મુહમ્મદ અલી, હમીદ અને વી.પી. અબ્દુલ્લા સામેલ છે. આ ઘટના ત્યારે બની જ્યારે લોકોનું એક જૂથ સવારની નમાઝ માટે ધાર્મિક કેન્દ્ર તરફ જઈ રહ્યું હતું અને તેમનો સામનો જંગલી ડુક્કરોના ઝુંડ સાથે થયો.

# પોલેન્ડના વડાપ્રધાન-સંરક્ષણ મંત્રી પર હુમલાનું કાવતરું ઘડનારની ધરપકડ

**પોલેન્ડના** ગૃહમંત્રી દ્વારા વડાપ્રધાન પર હુમલાનું કાવતરું ઘડનાર શખ્સની ધરપકડ થયાની જાહેરાત કરાઇ

**રશિયા** દ્વારા પોલેન્ડના કેટલાક વિસ્તારો પર હાઇબ્રીડ હુમલા થાય તેવી પણ માહિતી, પોલેન્ડ હાઇ-એલર્ટ પર

વોરસો, તા. 11 (AP): પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કને ધમકી આપનાર અને તેમના પર હુમલો કરવાનું કાવતરું ઘડનાર એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે, તેમ દેશના ગૃહમંત્રીએ રવિવારે જણાવ્યું હતું. ગૃહમંત્રી માર્સિન કિયરવિન્સ્કીએ ઝડપાયેલા શખ્સની ઓળખ અથવા તે કયા પ્રકારના હુમલાનું આયોજન કરી રહ્યો હતો તે અંગે કોઈ વધુ વિગતો આપી ન હતી.

આ પહેલા પોલેન્ડની પોલીસે રવિવારે જણાવ્યું હતું કે તેમને વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક અને સંરક્ષણ મંત્રી વ્લાદિસ્લાવ કોસિન્યાક-કામિશ પર હુમલો કરવાના સંભવિત કાવતરા અંગેની માહિતી મળી છે. આ અઠવાડિયે શાળાઓમાં થયેલા છરી વડે હુમલાની શ્રેણીબદ્ધ ઘટનાઓ તેમજ યુક્રેન પર રશિયાના પૂર્ણ-સ્તરના આક્રમણ સામે પશ્ચિમી દેશોના સમર્થનને નબળું પાડવા માટે રશિયા દ્વારા સંભવિત હાઈબ્રિડ હુમલાના ડરને કારણે પોલેન્ડ હાઈ એલર્ટ પર છે. પોલેન્ડની ગુપ્તચર સેવાઓનું નિરીક્ષણ કરતા મંત્રીના પ્રવક્તા જેસેક ડોબ્રઝિન્સ્કીએ જણાવ્યું હતું કે, ''અમે આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છીએ.'' તેમણે કહ્યું કે સત્તાવાળાઓ આ ધમકીઓ અમલમાં મૂકાવાની 'ઉચ્ચ શક્યતા' માની રહ્યા છે.

રવિવારે સુરક્ષા સેવાઓ, પોલીસ અને ગૃહ મંત્રાલયના પ્રતિનિધિઓની કટોકટીની બેઠક બાદ ડોબ્રઝિન્સ્કી આ વાત કહી રહ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે ધમકી અંગેની માહિતી સૌપ્રથમ સ્ટેટ પ્રોટેક્શન સર્વિસ સુધી પહોંચી હતી, જેણે ત્યારબાદ તે પોલીસને સોંપી દીધી હતી. તેમણે કથિત કાવતરા વિશે અન્ય કોઈ માહિતી આપી ન હતી. પોલિશ સરકારના પ્રવક્તા એડમ ઝલાપકાએ પોલિશ મીડિયાને જણાવ્યું હતું કે ટસ્કને રવિવારે સવારે સૌથી પહેલા આ ધમકી વિશે જાણ થઈ હતી. તેમણે કહ્યું કે, જો અધિકારીઓને ક્યારેક ધમકીઓ મળતી હોય તો પણ આ ધમકી 'અસાધારણ રીતે ચિંતાજનક' હતી. ડોબ્રઝિન્સ્કીએ જણાવ્યું હતું કે પોલિશ સેવાઓને દર મહિને વિવિધ ધમકીઓની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. આ અઠવાડિયે મધ્ય પોલેન્ડના મઝોવિયા પ્રાંતની શાળાઓમાં ચાર દિવસમાં ત્રણ હુમલા થયા હતા, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બાળકો સહિત ઘણા લોકો ઘાયલ થયા હતા. સપ્ટેમ્બરમાં, ટસ્કે નાટોના પૂર્વીય ભાગ પર રશિયા દ્વારા તીવ્ર હાઈબ્રિડ હુમલાઓ થવાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે રશિયા યુક્રેનની લડાઈને સમર્થન આપતા યુરોપીયન દેશો પર ડ્રોન અથવા રોકેટ વડે હુમલા કરવાનું આયોજન કરી રહ્યું છે, જેથી યુક્રેનને મળતું પશ્ચિમી સમર્થન નબળું પાડી શકાય. જો કે રશિયાએ આવા કોઈપણ આયોજનનો અસ્વીકાર કર્યો છે.

# જીબુટી નજીક બોટ ડૂબતા 15 બાળકો સહિત 109 માઇગ્રન્ટ્સના મોત



**જીબૂતીથી** યમન તરફ જતી બોટમાં 305 લોકો સવાર હતા, 80 બચ્યા, 116 લોકો લાપતા

**કરુણાંતિકામાં** મરનારામાં 15 બાળકોની સાથે જ 52 પુરુષો અને 42 મહિલાનો સમાવેશ

જીનિવા, તા. 11 (એપી) : . ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન (આઇઓએમ) એ અહેવાલ આપ્યો છે કે પૂર્વ આફ્રિકન દેશ જીબુતીના દરિયાકાંઠે એક મોટી દુર્ઘટનામાં 305 લોકોને લઈ જતી એક બોટ પલટી જતા ઓછામાં ઓછા 109 સ્થળાંતર કરનારાઓના મોત થયા છે, જેમાં 15 બાળકોનો પણ સમાવેશ થાય છે. તેમના જણાવ્યા અનુસાર, ગુરુવારે રાત્રે અથવા શુક્રવારે સવારે જીબુતીથી યમન જઈ રહેલી બોટ પલટી ગઈ હતી. આ દુર્ઘટનામાં 52 પુરુષો, 42 મહિલાઓ અને 15 બાળકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં 80 થી વધુ લોકો બચી ગયા છે, જ્યારે ઓછામાં ઓછા 116 લોકો હજુ પણ ગુમ છે. બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. આઇઓએમએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હોર્ન ઓફ આફ્રિકાથી હજારો સ્થળાંતર કરનારાઓ સલામતી અને આર્થિક તકની શોધમાં જીબુતી અને બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પાર કરીને ગલ્ફ દેશોમાં જાય છે. યમનમાં હિંસા છતાં આ ચળવળ ચાલુ રહે છે. જીબુતીમાં આઇઓએમના મિશન ચીફ એલેક્ઝાન્ડર કોઈસેકે જણાવ્યું હતું કે આ જાનમાલનું મોટું નુકસાન છે. આ દુર્ઘટના આર્થિક તકની શોધમાં આ માર્ગ પર મુસાફરી કરતી વખતે સ્થળાંતર કરનારાઓ કયા જોખમોનો સામનો કરે છે તેની સ્પષ્ટ યાદ અપાવે છે.

## ઝારખંડના ઈએસએલ સ્ટીલ પ્લાન્ટમાં ગેસ ગળતરથી બે લોકોનાં મોત

રાંચી, તા. 11 (પીટીઆઈ): ઝારખંડના બોકારો જિલ્લામાં સ્થિત ઈએસએલ સ્ટીલ પ્લાન્ટમાં રવિવારે ગેસ ગળતરની ઘટનાને કારણે બે વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. એમ એક કંપનીના અધિકારીએ જણાવ્યું હતું. કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ સ્ટીલ ઉત્પાદક કંપની આ દુર્ઘટનાની સ્વતંત્ર તપાસ હાથ ધરશે અને તેના તારણોના આધારે યોગ્ય પગલાં લેશે. ઈએસએલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "પ્લાન્ટમાં ગેસ ગળતરની એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની હતી, જેમાં કંપનીના એક એક્ઝિક્યુટિવ અને બિઝનેસ પાર્ટનર એન્જિનિયરનું મોત થયું છે."

બોકારો સ્થિત ઈએસએલ સ્ટીલ લિમિટેડ એ વેદાંતા આયર્ન એન્ડ સ્ટીલ લિમિટેડ (વીઆઈએસએલ)ની સહાયક કંપની છે.

કંપનીના પ્રવક્તાએ આ દુર્ઘટનાની વિગતો આપી ન હતી.

બોકારોના પોલીસ અધિક્ષક નાથુ સિંહ મીણાએ જણાવ્યું હતું કે, મૃતકોની ઓળખ બોકારોના રામગઢના સોહન મહતો અને ધનબાદ જિલ્લાના સમીર અંસારી તરીકે થઈ છે.

મીણાએ જણાવ્યું હતું કે, આ દુર્ઘટના બોકારોના ચંદનકિયારી બ્લોકના સિયાલજોરી પોલીસ સ્ટેશનની હદ હેઠળ આવતા કંપનીના કાર્યસ્થળ પર બની હતી.

# મુસાફરની પાવર બેંકમાં લાગેલી આગથી ઈન્ડિગો ફ્લાઈટ હૈદરાબાદ ડાયવર્ટ કરાઈ



**દિલ્હીથી** ચેન્નાઇ જતી ફ્લાઇટમાં અચાનક બનેલી ઘટનામાં કેબિન ક્રુની સતર્કતાથી પરિસ્થિતિ કાબુમાં આવી

હૈદરાબાદ, તા. 11 (PTI): ઓવરહેડ લગેજ કમ્પાર્ટમેન્ટમાં રાખેલા એક મુસાફરના પર્સનલ ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાંથી ધુમાડો નીકળતો જણાતા દિલ્હીથી ચેન્નાઈ જતી ઈન્ડિગોની એક ફ્લાઈટને રવિવારે અહીં ડાયવર્ટ કરવામાં આવી હતી. એરલાઈન્સે જણાવ્યું હતું કે, વિમાન સુરક્ષિત રીતે ઊતરી ગયું હતું. ાે સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં આશરે 180 મુસાફરો અને 7 ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''11 ઓક્ટોબર, 2026ના રોજ દિલ્હીથી ચેન્નાઈ જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ 6ઈ 6115ને એક મુસાફરના પર્સનલ ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાંથી ધુમાડો નીકળી રહ્યાનું જણાતાં હૈદરાબાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. કેબિન ક્રૂએ ત્વરિત કાર્યવાહી કરી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.''

એરલાઈન્સે ઉમેર્યું હતું કે, ''સ્થાપિત પ્રોટોકોલ મુજબ, પાઈલટ્સે ફ્લાઈટને ડાયવર્ટ કરી અને હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડિંગ કર્યું હતું.''

વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, મુસાફરો માટે ચેન્નાઈની યાત્રા ચાલુ રાખવા માટે એક વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઘટનામાં આગ લાગવાના અહેવાલો વિશે પૂછવામાં આવતાં ઈન્ડિગોના પ્રવક્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે ધુમાડો હતો અને તે એક મુસાફરના પર્સનલ ઈલેક્ટ્રોનિક ડિવાઈસમાંથી નીકળતો જણાતો હતો.

## પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ ખૈબર પખ્તુનખ્વામાં કટોકટી જાહેર કરી

ઈસ્લામાબાદ, તા. 11 (PTI): પાકિસ્તાને બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે રવિવારે ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં કટોકટીની જાહેરાત કરી છે, જેના કારણે જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની પાર્ટીની આગેવાની હેઠળની પ્રાંતીય સરકારનો અંત આવ્યો છે. કટોકટી પાકિસ્તાનની કેન્દ્ર સરકારને સુરક્ષા કટોકટી અથવા બંધારણીય શાસનના ભંગ દરમિયાન પ્રાંતમાં મુખ્ય કાર્યવાહી અને ધારાસભાની સત્તાઓ સંભાળવાની મંજૂરી આપે છે. રાષ્ટ્રપતિની ઘોષણા મુજબ, રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ ઉત્તરપશ્ચિમ પ્રાંતમાં વધતા આતંકવાદી હુમલાઓ અને બંધારણીય તંત્રના ભંગને ટાંકીને બંધારણની કલમ 232(1) અને 234(1) હેઠળ એક જાહેરનામું બહાર પાડ્યું છે. આ ઘોષણા હેઠળ, મુખ્ય મંત્રી, પ્રાંતીય મંત્રીઓ, સલાહકારો, વિશેષ સહાયકો અને એડવોકેટ જનરલ તરત જ તેમની ઓફિસો ખાલી કરશે.

આ પગલું ખૈબર પખ્તુનખ્વા (કેપીકે)ના મુખ્ય મંત્રી સોહેલ અફ્રિદીની આગેવાની હેઠળ ચાલી રહેલા વિરોધ મોરચા વચ્ચે આવ્યું છે, જેઓ ઈમરાન ખાનની મુક્તિ અને તેમને તબીબી સારવાર આપવા માટે દબાણ કરી રહ્યા છે.

# ભારતીય સમુદાયના સમર્થક ઉમેદવારો જ જીતે : ભારતીય-અમેરિકનોની ઈચ્છા

**મિડટર્મ** ચૂંટણીમાં અનેક ભારતીયો ઉભા છે, આ ઉપરાંત ભારતીયો તરફે સહાનુભૂતિ ધરાવતા ઉમેદવારોને ચૂંટવા અપીલ થઇ રહી છે

વાશિંગ્ટન, તા. 11(PTI): ભારતીય-અમેરિકનો 3 નવેમ્બરના રોજ યોજાનારી 'મિડટર્મ' (મધ્યાવધિ) ચૂંટણીઓમાં માત્ર સાંસદ તરીકે ચૂંટાઈને અમેરિકાની સત્તામાં ભાગીદારી મેળવવા જ નથી ઈચ્છતા, પરંતુ તેમની લાગણીઓ અને મુદ્દાઓને સમર્થન આપનારા અન્ય ઉમેદવારોને પણ સહયોગ આપી રહ્યા છે. યુ.એસ. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ભારતવંશી સમુદાયના 6 સભ્યો છે, પરંતુ રાજા કૃષ્ણમૂર્તિ(ઈલિનોઈસ) અને શ્રી થાનેદાર(મિશિગન) પ્રાઈમરીમાં હારી જતાં આ સંખ્યા ઘટીને ચાર થવાની શક્યતા છે. અન્ય ઈન્ડિયન-અમેરિકન સાંસદો રો ખન્ના (કેલિફોર્નિયા-17), પ્રમિલા જયપાલ (વાશિંગ્ટન-7), અમી બેરા (કેલિફોર્નિયા-3) અને સુહાસ સુબ્રમણ્યમ(વર્જિનિયા-10) ફરીથી ચૂંટણી લડી રહ્યા છે.

અમેરિકાની મિડટર્મ ચૂંટણીઓ પ્રમુખની ચાર વર્ષની મુદતના અડધા ગાળે યોજાય છે, જેમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ(નીચલું ગૃહ)ની તમામ 435 બેઠકો અને 100 સભ્યોની સેનેટ (ઉપલું ગૃહ)ની લગભગ એક-તૃતિયાંશ(1/3) બેઠકો માટે મતદાન થાય છે. આ ચૂંટણીઓમાં રાજ્યોના ગવર્નરો અને ધારાસભ્યો તેમજ કેટલાક મેયર અને સ્થાનિક અધિકારીઓની પણ ચૂંટણીઓ સામેલ છે. આ પરિણામો નક્કી કરે છે કે કોંગ્રેસ(સંસદ) પર કયા પક્ષનું નિયંત્રણ રહેશે અને તે પ્રમુખના કાયદા પસાર કરવાની ક્ષમતા પર પણ અસર પાડી શકે છે. અમેરિકન્સ4હિંદુસ પોલિટિકલ એક્શન કમિટી (PAC)ના સ્થાપક અને કેલિફોર્નિયાના કાર્ડિયોલોજિસ્ટ રમેશ જાપરાએ PTIને જણાવ્યું કે, "માત્ર ભારતીય-અમેરિકનોને ચૂંટણીમાં સમર્થન આપવું પૂરતું નથી. આપણે ભારતીય સમુદાય અને હિંદુઓ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ઉમેદવારોને પણ ટેકો આપવાની જરૂર છે." રાષ્ટ્રપતિ જો બાઈડનના કાર્યકાળ દરમિયાન વ્હાઈટ હાઉસના પૂર્વ સલાહકાર રહેલા અજય જૈન ભુટોરિયાએ જણાવ્યું હતું કે, "ભારતીય-અમેરિકન ઉમેદવારોને મારી સલાહ છે કે તેઓ માત્ર સમુદાયના પ્રશ્નો પૂરતા મર્યાદિત ન રહેતા, જે કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટનું પ્રતિનિધિત્વ કરવા માગે છે તેની સ્થાનિક જરૂરિયાતો અને આકાંક્ષાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે." ભારતીય-અમેરિકન સમુદાય કેલિફોર્નિયા, ટેક્સાસ, ન્યૂ જર્સી, ન્યૂ યોર્ક, વાશિંગ્ટન, ઈલિનોઈસ, પેન્સિલવેનિયા અને જ્યોર્જિયા જેવા રાજ્યોમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે.